જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૨/૦૧/૨૦૧૬ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૪/૧૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૭ કેસ કરી ૨૧ વ્યક્તિઓને ઝડપી ૪૫ લીટર દેશી દારૂ, ૩૩ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૨ બિયર ટીન અને ૧ કાર કબજે કરી હતી.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૮૫/૧૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૨૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૮૬/૧૬**

**વસ્ત્રાપુરઃ** મોન્ટુભાઇ સુરેશભાઇ પટેલ (રહે. સ્વામીનારાયણ કોલોની,બરોડા એક્સપ્રેસ હાઇવે સામે,સીટીએમ) એ તા.૧૧/૦૧/૧૬ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૫/૦૯/૧૧ થી માહે ફેબ્રુઆરી /૨૦૧૪ દરમ્યાન થલતેજ સર્કલ ટાઇટેનીયમ સ્કવેર સી/૬૦૪,ખાતેથી અજાણી વ્યક્તિએ મોન્ટુભાઇ પટેલની કંપનીને જાણ બહાર ક્લાઉડઝોન ઇન્ફોશોફ્ટ પ્રોપરાઇટશીપ બનાવી ખોટી રીતે નાણાં મેળવી કંપનીને રૂપિયા ૩૫,૮૩,૬૫૦/- નુકશાન પહોચાડી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે એન રામાનુજ ચલાવે છે.

**અપહરણની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૮૭/૧૬**

**કૃષ્ણનગરઃ** રાજીભાઈ બબાભાઈ દંતાણી (રહે.રાજાવીર સોસાયટી ઠક્કરનગર) એ તા.૧૧/૧/૧૬ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૧/૧૬ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાની પુત્રી કોમલ (ઉ.વ.૧૬) ને અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી આર સંગાડા ચલાવે છે.

**શાહપુરઃ** અમરીતાબાનુ મહમંદહુસેન શેખ (ઉ.વ.૧૭)(રહે.મોલની પોળ હવેલી દરીયાપુર) ને તા.૯/૧/૧૬ બપોરના ૨/૩૦ વાગ્યાના સુમારે શાહપુર મીરઝાપુર કુરેશી હોલ નજીકથી આરોપી મુફીસ અબ્દુલક્યુમ શેખ (રહે.લાલમીયાની ગલી (બાગ) પોપટીયાવાડી દરીયાપુર) લગ્ન કરવાની લાલચ આપી લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઈરાદે ભગાડી લઈ ગયો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી બી જે ગઢવી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૮૮/૧૬**

**ઘાટલોડીયાઃ** સુભાષચંદ્ર દશરથલાલ મોદી (ઉ.વ.૫૩) (રહે.ગાયત્રી ટેનામેન્ટ સર્વોદયનગર વિભાગ-૩ ની પાસે કે.કેનગર રોડ ઘાટલોડીયા) એ કોઇ અગમ્ય કારણસર તા.૧૧/૦૧/૧૬ સવારનાં ૮/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મહિપતસિહ તખતસિહ ચલાવે છે.

**ગુમ થવા બાબતઃ** **સમાચાર યાદી નં.૮૯/૧૬**

| | |
|---|---|
| **ચાંદખેડાઃ** ક્રિષ્ણભાનસિંગ દથરતસિંગ રાજપુત (ઉ.વ.૬૯) (રહે.રાજેશ્વરી સોસાયટી ચાંદખેડા) તા.૪/૧/૧૬ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. એસ રંગનો શર્ટ અને કાળા રંગનુ લીટીવાળુ પેન્ટ તથા મહેદી રંગનો કોટ પહેર્યો છે. ઉંચાઈ ૫ ફુટ ૬ ઈંચ છે.(ચાંદખેડા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૩૨૯૧૨૮૦) |  |
| **વટવાઃ** રમેશભાઈ ફુલચંદભાઈ દંતાણી (ઉ.વ.૫૫) (રહે.ગરીબ આવાસ યોજના ગુજકો માર્શલની પાછળ નારોલ) તા.૨૧/૧૨/૧૫ કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગનુ શર્ટ અને કેસરી રંગનુ પેન્ટ પહેર્યુ છે. આંખો માંજરી છે. ઉંચાઈ ૫ ફુટ ૫ ઈંચ છે. (વટવા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૫૭૧૦૦૭૪) |  |
| **શાહીબાગ :** કુંજલબહેન દશરથસિહ પરમાર (ઉ.વ.૧૬) (રહે. ચીમનલાલ નારાયણદાસ ઘાંચીની ચાલી સીવીલ હોસ્પીટલની સામે અસારવા શાહીબાગ) તા.૮/૧/૧૬ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી સિવણ કલાસમાં જવાનુ કહી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. ક્રીમ રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. મોઢાની ડાબી બાજુ તલ છે. ઉંચાઇ ૫ ફુટ છે. (શાહીબાગ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૨૬૮૦૨૫) |  |
| **સાબરમતીઃ** હેતલબહેન પુનમભાઈ ચાવડા (ઉ.વ.૧૯)(રહે.ચંદ્રભાગાની ચાલી મ્યુ.સ્કૂલ પાસે જવાહર ચોક સાબરમતી) તા.૨૧/૧૨/૧૫ સાંજના ૭/૦૦ વાગ્યાના સુમારે ઘરેથી કચરા પોતા કરવાનુ કામ કરવા જવાનુ કહી કયાંક ચાલ્યા ગયા છે. પાતળા બાંધાના અને ઘઉવર્ણા છે. પીળા રંગના ટોપ ઉપર લાલ રંગનુ સ્વેટર અને વાદળી રંગનુ જીન્સ પેન્ટ પહેર્યુ છે. ઉંચાઈ ૪ ફુટ ૧૦ ઇંચ છે. (સાબરમતી પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૫૦૬૮૧૯) |  |
| **અમરાઇવાડીઃ** નિલેશ પ્રવિણભાઈ મકવાણા (ઉ.વ.૨૫)(રહે. જય ભવાનીનગર પોષ્ટ ઓફીસ સામે અમરાઇવાડી) તા.૧/૧/૧૬ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી મોટર સાયકલ નંબર જીજે ૨૭ એસ ૭૦૬૧ લઈ કયાંક ચાલ્યા ગયા છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. વાદળી રંગનુ ચોકડીવાળુ શર્ટ અને છીંકણી રંગનુ પેન્ટ પહેર્યુ છે. ડાબી આંખની નીચેના ભાગે તલ છે તેમજ ડાબા હાથના બાવડાના ભાગે છોકરા જેવુ ચિત્ર દોરાવેલ છે. ડાબા હાથની કલાઈ ઉપર અંગ્રેજીમાં એન કોતરાવેલ છે. ઉંચાઈ ૫ ફુટ ૬ ઈંચ છે.(અમરાઈવાડી પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૭૩૨૩૩૨) |  |



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

| | |
|---|---|
| **નિકોલ :** ગૌરીબહેન રાજુભાઈ પટણી (ઉ.વ.૧૪)(રહે. મુખીનગરના છાપરાં વિરાટનગર ચાર રસ્તા પાસે શાકમાર્કેટની બાજુમાં નિકોલ) તા.૧/૧/૧૬ બપોરના ૨/00 વાગ્યાના સુમારે ઘર નજીકથી ગુમ છે. મજબુત બાંધાના અને ઘઉવર્ણા છે. લાલ રંગનુ ફુલ ડીઝાઈનનુ ટોપ અને ગુલાબી રંગનો પાયજામો પહેર્યો છે. જમણા હાથની આંગળીઓ ઉપર રાજ તેમજ જમણા હાથની કલાઈ ઉપર જી કોતરાવેલ છે. ઉંચાઇ ૪ ફુટ છે. (નિકોલ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૭૧૦૯૧) |  |
| **સોલા હાઈકોર્ટઃ** રામસ્વરૂપ દિનાનાથ શૈલી (ઉ.વ.૮૮) (રહે. અનુસીટી આઈકોન સિમ્સ હોસ્પીટલની પાસે સાયન્સ સીટી રોડ સોલા) તા.૫/૧/૧૬ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. સફેદ રંગની સફારી પહેરી છે અને હાથમાં સિલ્વરની લાકડી સાથે રાખે છે. ડાબા ખભા ઉપર મસ છે. ઉંચાઈ ૫ ફુટ ૯ ઇંચ છે. ( સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૬૬૪૫૯૦) |  |
| **સોલા હાઈકોર્ટઃ** જીજ્ઞેશ પ્રવિણભાઈ રાવ (ઉ.વ.૨૫)(રહે.નર્મદા બંગલોઝ નારાયણી હોસ્પીટલ પાછળ ઝાડેશ્વર ભરુચ) તા.૨૯/૧૨/૧૫ નારોજ સોલા હાઈકોર્ટ સ્ટાફ સોસાયટી વસંતનગર ટાઉનશીપ ગોતાથી ગુમ થયા છે. પાતળા બાંધાના અને રંગે ગોરા છે. વાદળી રંગનું શર્ટ અને વાદળી રંગનુ જીન્સ પેન્ટ પહેર્યુ છે. ( સોલા હાઈકોર્ટ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૬૬૪૫૯૦) |  |
| **ઓઢવઃ** યોગીતાબહેન રાજેશભાઈ ચૌહાણ (ઉ.વ.૩૭) (રહે.અંબીકાકૃપા સોસાયટી બંસરી ફ્લેટની સામે અંબીકાનગર ઓઢવ) તા.૫/૧/૧૬ સવારના ૧૦/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરેથી કયાંક ચાલ્યા ગયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. કાળા રંગનો પંજાબી ડ્રેસ પહેર્યો છે. જમણા હાથની પહેલી આંગળી ઉપર જુનુ વાગેલાનુ નિશાન છે. ઉંચાઈ ૫ ફુટ ૬ ઈંચ છે. (ઓઢવ પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૨૮૭૧૦૯૧) |  |
| **નારણપુરાઃ** પાયલબહેન રાજેન્દ્રભાઈ ચૌહાણ (ઉ.વ.૧૮)(રહે. ગામ દઢવાવ તાલુકો વિજયનગર જીલ્લો સાબરકાંઠા) તા.૪/૧/૧૬ સવારના સમયે ઘરેથી નારણપુરા એ.ઈ.સી.ચાર રસ્તા શ્રેય નર્સિંગ કોલેજ ખાતે આવ્યાબાદ ગુમ થયા છે. મધ્યમ બાંધાના અને ઘઉવર્ણા છે. લીલા રંગનુ કાળી પટ્ટીવાળુ ટી-શર્ટ અને વાદળી રંગનુ જીન્સ પેન્ટ પહેર્યુ છે. નાકના ઉપરના ભાગે સફેદ દાઘ છે. ઉંચાઈ ૫ ફુટ છે.(નારણપુરા પોલીસ સ્ટેશન ટેલીફોન નંબર ૨૭૬૪૪૯૪૯) |  |

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)